**કર્મયોગી** **કર્તવ્યનિષ્ઠા** **કર્મશીલતા**



# સન્માન પત્ર

International Year of Cooperatives
2025
Cooperatives Build a Better World

## સન્માનનીય શ્રી અશ્વિનભાઈ પટેલ

આજની આ ગૌરવશાળી ક્ષણે શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., નવી પારડીના સફળ અને દીર્ઘદૃષ્ટા ચેરમેન શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલનું સન્માન કરતાં અમે સૌ આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આપશ્રીનું જીવન-કાર્ય અને સહકારી તેમજ રાજકીયક્ષેત્રે આપનું યોગદાન સમગ્ર સમાજ માટે એક પ્રેરણાસ્ત્રોત છે.

શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલના જીવન પર દૃષ્ટિપાત કરીએ તો દક્ષિણ ગુજરાતના સુરત જીલ્લાના કામરેજ તાલુકાના ધાતવા ગામે પિતાશ્રી ભાઈદાસભાઈ ભુલાભાઈ પટેલ તથા માતાશ્રી લક્ષ્મીબેન ભાઈદાસભાઈ પટેલના પરિવારમાં તારીખ ૭મી જુલાઈ, ૧૯૬૧ના રોજ આપનો જન્મ થયો. આપશ્રીએ ડુંગરા ગામની શાળામાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. આપશ્રીએ મુ.જીયોર નિવાસી બબલીબેન સાથે પ્રભુતામાં પગલાં માંડ્યા અને જીવનસંગિની સાથે સુખ દુઃખ સંગાથે સર કરી રહ્યા છો. આપશ્રી ઝાઝું શિક્ષણ ન મેળવી શક્યા પરંતુ જેટલું ભણ્યા એમાંથી સમાજ અને જાહેર-જીવન માટે સહકારી ભેખ ધારણ કરી જરૂરી ભાથું બાંધી લીધું. કુદરતી રીતે અલૌકીક કૃપાથી મળેલ કોઠાસુઝે જાહેર સંસ્થા કે શૈક્ષણિક, સામાજીક અને સહકારી સંસ્થાઓને નીભાવવી અને તેનું સુપેરે સંચાલન કરી એક સામાજીક જવાબદારી અદા કરી રહ્યા છો.

હાલમાં સહકારીક્ષેત્રે સેવાના ભાવ સાથે ૩૨૦ ગામના કાર્યક્ષેત્ર ધરાવતી અને લગભગ ૩૬૦૦૦ થી વધુ સભાસદ ધરાવતી શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., નવી પારડી, તા.કામરેજમાં પ્રથમ વખત ચૂંટણી જીતી (ડિસેમ્બર, ૨૦૨૦ થી કાર્યરત) પ્રમુખ તરીકે જવાબદારી કૂનેહપૂર્વક અદા કરી રહ્યા છો.

પ્રમુખ તરીકેનો આપશ્રીનો કાર્યકાળ, ખેડૂતલક્ષી નિર્ણયો મંડળીના સર્વાંગી વિકાસ અને આર્થિક સ્થિરતાનો પર્યાય રહ્યો છે. જ્યારે કામરેજ ખાંડ મંડળીના પ્રમુખપદનો કાર્યભાર સંભાળ્યો ત્યારે આપશ્રીની સામે અનેક પડકારો હતા. પરંતુ આપશ્રીની દીર્ઘદૃષ્ટિ, અડગ મનોબળ અને વ્યવહારૂ અભિગમને કારણે આપશ્રીએ દરેક પડકારને અવસરમાં પલટાવ્યો. આપશ્રીના નેતૃત્વ હેઠળ મંડળીએ ટેકનોલોજીના આધુનિકીકરણ, કાર્યક્ષમતામાં સુધારો અને ખેડૂતોને શેરડીના હંમેશા પોષણક્ષમ ભાવ મળે તે સુનિશ્ચિત કર્યું છે. કામરેજ સુગર ફેક્ટરીની દૈનિક પિલાણક્ષમતા ૨૫૦૦ મે.ટન હતી, જે આપશ્રીના કુશળ નેતૃત્વ થકી તેમજ કોઠાસુઝથી તેમાં વધારો કરી, દૈનિક ૪૦૦૦ મે.ટન પિલાણક્ષમતા હાંસલ કરેલ છે. આપના નેતૃત્વ હેઠળ કામરેજ સુગર ફેક્ટરીએ નેશનલ કો.ઓપરેટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એન.સી.ડી.સી.), ગાંધીનગર દ્વારા ''બેસ્ટ પ્રાઈમરી કો-ઓપરેટીઝ ઈન સુગર સેક્ટર'' સહકારી શ્રેષ્ઠતા મેરીટ-૨૦૨૩ એવોર્ડ એનાયત થયેલ છે, જે પ્રસંશનીય અને અભિનંદનીય છે. આપશ્રીની પ્રામાણિક અને પારદર્શિતાએ મંડળીના સભાસદોનો વિશ્વાસ જીત્યો છે, જેના થકી કામરેજ ખાંડ મંડળી વધુ મજબૂત બની છે. આમ, કામરેજ ખાંડ મંડળીને પ્રગતિના પંથે લઈ જવામાં આપશ્રીનું યોગદાન માત્ર વહીવટી જ નહિ, પરંતુ સહકારી ભાવનાનું એક જીવંત ઉદાહરણ છે.

આપશ્રીની દિશાસૂચક કારકિર્દી પર નજર કરીએ તો આપશ્રી ખેડૂતપુત્ર છો. આપના હૈયે ખેડૂતોનું હિત વસેલું છે. શ્રી અશ્વિનભાઈ પટેલનું નામ માત્ર કામરેજ ખાંડ મંડળી સાથે જ નહિ પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાતના સહકારી ક્ષેત્રમાં આદર અને વિશ્વાસ સાથે લેવાય છે. ખેડૂત લક્ષી અભિગમ સાથે સહકારી સેવાના ભાવ સાથે સહકારીક્ષેત્રે પદાર્પણ કરી, આપશ્રીએ શ્રી કામરેજ વિભાગ કો.ઓપરેટીવ ફ્રુટ એન્ડ વેજીટેબલ ગ્રોઅર્સ સોસાયટી લિ.,(કેળા મંડળી), કામરેજ ચાર રસ્તાની પ્રથમ વખત ચૂંટણી જીતી પ્રમુખ તરીકે (૧૯૯૨-૨૦૦૪) નો કાર્યભાર સંભાળેલ તથા શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.સાયણની પ્રથમ વખત ચૂંટણી જીતી પ્રમુખ તરીકે (૧૯૯૯ થી ૨૦૦૨) તથા ઉપપ્રમુખ તરીકે (૨૦૦૨ થી ૨૦૦૫) તથા ડિરેક્ટર તરીકે (૨૦૦૫થી ૨૦૦૮) તથા જીવનરક્ષા હોસ્પિટલ, સાયણના પ્રમુખ તરીકે (૧૯૯૯ થી ૨૦૦૦) તથા સભ્ય તરીકે (૨૦૦૦ થી ૨૦૦૮) તથા ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ ફ્રુટ એન્ડ વેજીટેબલ માર્કેટીંગ ફેડરેશન, બારડોલીના સભ્ય તરીકે (૨૦૧૦ થી ૨૦૧૮) તથા લાલચુડા કડવા પાટીદાર કેળવણી મંડળ, સુરત (ખાસ સલાહકાર સમિતિના સભ્ય) સભ્ય તરીકે તથા દીનબંધુ ચેરીટેબલ ટ્રસ્ટ-ખોલવડના સભ્ય તરીકે અને ભારતીય વિદ્યા મંડળ, કામરેજના ટ્રસ્ટી તરીકેની જવાબદારી વહન કરેલ છે.

આપશ્રી સુરત જીલ્લાના એક માત્ર સહકારી આગેવાન છો કે જેમણે બે સુગર ફેક્ટરીઓમાં અગાઉ સાયણ સુગર ફેક્ટરી અને હવે કામરેજ સુગર ફેક્ટરીના પ્રમુખ તરીકે પણ કૂનેહપૂર્વકનો કાર્યભાર સંભાળેલ છે.

આપશ્રીની રાજકીય સફર પર મીટ માંડીએ તો, ભારતીય જનતાપાર્ટીના યુવા પ્રમુખ તરીકે (૧૯૮૭ થી ૧૯૯૫) તેમજ તાલુકા પ્રમુખ તરીકે (૧૯૯૬થી ૨૦૦૦) તથા ગુજરાત પ્રદેશ સહકાર સેલના કન્વિનર તરીકે (૨૦૦૧ થી ૨૦૦૪) તથા સુરત જીલ્લા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી તરીકે (૨૦૦૫ થી ૨૦૦૯ અને ૨૦૧૬ થી ૨૦૨૦) સુધી તેમજ સુરત જીલ્લા પંચાયતમાં પણ પ્રથમ વખત ચૂંટણી જીતી પ્રમુખ તરીકે (૨૦૧૦ થી ૨૦૧૫) સુધીનો પદભાર આપશ્રીએ સંભાળેલ હતો. આપના કાર્યકાળ દરમ્યાન સુરત જીલ્લા પંચાયતને સર્વશ્રેષ્ઠ જીલ્લા પંચાયતનો એવોર્ડ અપાવીને સુંદર કામગીરી નીભાવેલ હતી. આમ, રાજકીય ક્ષેત્રે એક આગવી ઓળખ ઉભી કરી, આપશ્રીએ અનન્ય યોગદાન સમગ્ર સુરત જીલ્લાને આપેલ છે.

આપશ્રી દીર્ઘકાળથી સહકારી ક્ષેત્ર તેમજ ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ સાથે સાયણ સુગર ફેક્ટરીના પ્રમુખશ્રીની રૂઈએ તા.૧૯-૦૩-૧૯૯૯ થી તા.૧૨-૦૯-૨૦૦૮, સંઘના ઉપપ્રમુખશ્રી તરીકે તા.૨૬-૧૦-૨૦૦૨ થી તા.૨૯-૧૨-૨૦૦૫ તેમજ કામરેજ સુગર ફેક્ટરીના પ્રમુખશ્રીની રૂઈએ ડિસેમ્બર, ૨૦૨૦ થી આજ પર્યંત સેવાઓ પ્રદાન કરી રહ્યા છો. ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ., ગાંધીનગરની ફાયનાન્સ કમિટીના કન્વિનર તરીકે ડિસેમ્બર, ૨૦૨૧થી આપશ્રીની સેવાઓ અવિરત મળી રહી છે. આપશ્રી તરફથી ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ., ગાંધીનગરને આશરે ૧૪ વર્ષથી બહોળા અનુભવ, દીર્ઘદૃષ્ટિ અને સચોટ નિર્ણયશક્તિનો લાભ હરહંમેશ મળતો રહ્યો છે અને અમૂલ્ય સેવાઓ તથા માર્ગદર્શન સાંપડતું રહ્યું છે. આપશ્રીની સહકારી અને કૃષિ તજજ્ઞતાને ધ્યાને લઈ નેશનલ કાઉન્સીલ ફોર કો.ઓપરેટીવ ટ્રેઈનીંગના રાષ્ટ્રીય અધ્યક્ષ (સહકારી સંસ્થાન) તરીકે આપશ્રીની વરણી થયેલ છે, જે યશકલગી સમાન છે અને ગુજરાતના સહકારી ક્ષેત્ર અને તેમાંયે ખાસ કરીને ખાંડ ઉદ્યોગ માટે ગૌરવ સમાન છે.

આપશ્રી માત્ર કામરેજ ખાંડ મંડળીના એક સફળ પ્રમુખ જ નહિ પણ એક સંવેદનશીલ સમાજસેવક છો. આપશ્રીના માર્ગદર્શન હેઠળ કામરેજ ખાંડ મંડળી સતત પ્રગતિ કરી રહી છે, એટલું જ નહિ પરંતુ ખેડૂતલક્ષી નિર્ણયો અને સામાજીક જવાબદારીઓ નિભાવી રહ્યા છો. આપનો ગહન અભ્યાસ, સમસ્યા ઉકેલ, પારદર્શિતા, દૂરંદેશી, કૂનેહભરી કાર્યપધ્ધતિ, કોઠાસૂઝ, કઠોર પરિશ્રમ જેવા ગુણોને કારણે આપ સૌને સાથે લઈને સહકારી ક્ષેત્રને સેવાનું માધ્યમ બનાવી ચૂક્યા છો. ઉચ્ચસ્થાનોએ બિરાજવા છતાં, આપ એક અદના ખેડૂત જેવું સાદું અને સરળ જીવન વ્યતિત કરી રહ્યા છો. આપશ્રી જેવા બહુઆયામી સ્પષ્ટવક્તા પ્રતિભાનું સન્માન કરતાં ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ, ગાંધીનગર આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે. અમે આપના અદમ્ય ઉત્સાહ, નિષ્ઠા અને જનસેવાના ભાવને બિરદાવીએ છીએ. આપના સેવાકીય યજ્ઞને બિરદાવતા ગર્વ અને હર્ષની લાગણી સાથે ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ., ગાંધીનગર તરફથી પ્રતિષ્ઠિત "લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ" તથા "સન્માનપત્ર" એનાયત કરવામાં આવે છે.

આપ આપના જીવનમાં ખૂબ પ્રગતિ કરતાં રહો, આપનું જીવન નિરામય રહે અને આપ લોકસેવાના કાર્યો સદૈવ કરતાં રહો એવી પરમકૃપાળું પરમાત્માને પ્રાર્થના સહ ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

**જય જય ગરવી ગુજરાત** **જય સહકાર**

**આપના શુભેચ્છક**
ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ.,ગાંધીનગરના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી

**કેતનભાઈ સી. પટેલ**
ઉપપ્રમુખ વ.
વાઈસ-પ્રેસિડન્ટ
નેશનલ ફેડરેશન ઓફ કો.ઓપ. સુગર ફેક્ટરીઝ લિ., ન્યુ દિલ્હી

ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ.
ગાંધીનગર

**ઈશ્વરસિંહ ટી. પટેલ**
પ્રમુખ વ.
રાજ્યકક્ષાના મંત્રી
જળસંપત્તિ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો) ગુજરાત સરકાર